શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડ સંચાલિત

COLLEGE WITH POTENTIAL FOR EXCELLENCE Q 2016
BEST COLLEGE AWARD 1984-85

ACCREDITED-'B' GRADE BY NAAC, AAA-G 'A' GRADE
RE-ACCREDITED-'B' GRADE BY NAAC, AAA-G 'B' GRADE
GSIRF ★ ★ ★

# પરિચય

## 2022-23













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન

**શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ**

ડૉ. મોંઘાભાઈ વિદ્યાસંકુલ, શ્રી મોરારજી નગર, કૉલેજ કેમ્પસ, તીથલ રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧

**Ph.** (02632) 243909, 240049 • **e-mail :** jpsacoll@yahoo.com • **website :** jpsartsvalsad.com

# IMPORTANT TELIPHONE NUMBER

| NAME | NUMBER |
|---|---|
| NKM. President Kum. Swatiben Seth | 02632 - 258296 |
| NKM. Wise President Shri Arjunbhai Desai | 02632 - 229229 |
| NKM. Hon. Secretary : Shri Kirtibhai Desai | 02632 - 242923 |
| NKM. Hon. Asst. Secretary : Shri Anishbhai Shah | 02632 - 245500 |
| SMT. J. P. Shroff Arts College, Valsad | 02632 - 243909, 240049 |
| Shah K. M. Law College, Valsad | 02632 - 244337 |
| Shah N. H. Commerce College, Valsad | 02632 - 254224 |
| B. K. M. Science College, Valsad | 02632 - 243049 |
| Dolat-Usha Institute of Applied Sciences and Dhiru-Sarla Institute of Management & Commerce, Valsad | 02632 - 244428 |
| N. K. M. Nursing College, Valsad | 02632 - 258412 |
| Veer Narmad South Gujarat University | 0261 - 2227141 to 2227146 |
| Bank of Baroda, Branch : Tithal Road, Valsad. | 02632 - 242610, 253708 |
| ST. Depot (Manager Shree) Valsad | 02632 - 241403, 244161 |
| ST. Depot (Divis) Dharampur Road, Valsad. | 02632 - 227752, 227778 |
| G. E. B. (City), Valsad | 02632 - 244225 |
| G. E. B. (Rural), Valsad | 02632 - 244157 |
| City Police Station, Valsad | 02632 - 244233 |
| Police Control Room, Valsad | 02632 - 243333, 242900 |
| Head Post Office, Valsad | 02632 - 2430138 |
| Mamlatdar Shree, Valsad | 02632 - 244167 |
| Collector Office | 02632 - 2253613, 243838 |
| Jilla Panchayat Varg Samaj Kalyan Office (S. C. Office) Valsad | 02632 - 2253613, 243838 |
| Jilla Shikshan Adhikari, Valsad | 02632 - 254228 |
| Fire Office, Valsad. | 02632 - 244222 |



**શ્રીમતી હંસાબેન એ. પરમાર**
ઈન્ચાર્જ આચાર્યાશ્રી

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના પ્રવેશોત્સુક અને હાલમાં અભ્યાસ કરી રહેલા તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને, શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ પરિવાર ઉષ્માભર્યો આવકાર આપે છે અને આપ સૌનું હાર્દિક સ્વાગત કરતાં ધન્યતા અનુભવે છે.

નાગરિક રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ છે. સુંદર સમાજ અને યોગ્ય કેળવણી દ્વારા નાગરિકનો વિકાસ થાય છે. કેળવણી નાગરિકને ચારિત્ર્યવાન, નમ્ર, સમજદાર અને પ્રમાણિક બનાવે છે. સાચા અર્થમાં ભણતરથી ગણતર થાય છે. દ્રઢ મનોબળ અને ઉચ્ચ મૂલ્યો ધરાવતા નાગરિકો દેશની વિવિધ સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવા તથા પ્રતિકાર કરવા સક્ષમ હોય છે.

વલસાડના આદિવાસી વિસ્તારના તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ કેળવણી પ્રાપ્ત કરી પોતાની કારકિર્દી અને ઉજવળ ભવિષ્યનું નિર્માણ ઘર આંગણે જ કરી શકે તેવા શુભ આશયથી નૂતન કેળવણી મંડળ દ્વારા ૧૯૫૬ માં આર્ટ્સ વિદ્યાધામ શરૂ કરવામાં આવ્યું.

કુદરતી સુંદર પ્રાકૃતિક શૈક્ષણિક વાતાવરણમાં ૬૫ એકર કેમ્પ ધરાવતી આ સંસ્થા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન આ વિસ્તારની જૂની કૉલેજ છે. વિદ્વાન આચાર્યશ્રી નટવરલાલ પંડ્યા ઉર્ફે 'ઉશનસ્' સાહેબનું પ્રથમ આચાર્ય તરીકે કૉલેજને માર્ગદર્શન મળેલ છે. અનુભવી અધ્યાપકો, ઉપરાંત નવા શૈક્ષણિક પ્રયોગોના અભિગમ, રમણીય રમતનું મેદાન, સમૃદ્ધ લાયબ્રેરી કૉલેજની વિશેષતા છે.

અસ્તુ...

## પ્રારંભ અને વિકાસ :

શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ પોતાની આગવી રીતે ૧૯૫૬ થી અસ્તિત્વમાં આવી અને પ્રારંભે જ મૂર્ધન્ય કવિશ્રી ઉશનસનું સર્જનાત્મક વ્યક્તિત્વ સંસ્થામાં નવા જ પ્રાણ પૂરતું રહ્યું છે. આજ પર્યંત સંસ્થાએ વૈવિધ્ય અને વિકાસની નૂતન ક્ષિતિજો સર્જી છે; શૈક્ષણિક, સહશૈક્ષણિક અને શિક્ષણેતર તમામ ક્ષેત્રોમાં આગવા વિક્રમો નોંધાવી સંસ્થાને યશકલગી અપાવી છે. અહીં સ્થગિતતા નથી, જૂની પ્રણાલિકાઓની શૃંખલા નથી, દરેક પ્રકારની સ્વતંત્રતા છે, પરંતુ સ્વચ્છંદતા નથી. મુક્તિ છે, પણ મનસ્વિતા નથી.

## નિયામક મંડળ :

વર્ષ ૧૯૫૭ માં શ્રી નૂતન કેળવણી મંડળની સ્થાપના થઈ અને દેવયોગે ભારતરત્ન શ્રી મોરારજી દેસાઈ, મૂર્ધન્ય સંચાલક શ્રી બી. કે. મજમુદાર અને જેમની સેવાનાં મૂલ્ય આંકી શકાય નહીં એવા ડૉ. મોંઘાભાઈ દેસાઈના નેતૃત્વની હારમાળા આજે પણ સતત ચાલી આવેલ છે. તેઓએ માળખું તૈયાર કર્યું અને આજે વલસાડ તથા સમગ્ર ગુજરાતમાં આદર એવં અનુરાગ પામેલા શ્રી કાંતિભાઈ આર. દેસાઈએ નવી ક્રાંતિ કરી, અસીમ પુરૂષાર્થ દ્વારા દાન એકત્ર કરી, સામાજીક વિજ્ઞાનના વિષયોની આવશ્યકતા સમજી નવા કોર્ષ દાખલ કરાવ્યા છે, પ્રમુખશ્રી મીસ સ્વાતિબેન શેઠ, ઉપપ્રમુખશ્રી અર્જુનભાઈ દેસાઈએ વિદ્યાભવનોને સૌષ્ઠવ આપ્યું, તો પ્રકાંડ ગતિશીલ માનદ્‌મંત્રીશ્રી કીર્તિભાઈ દેસાઈ પોતાની આગવી સૂઝથી સંસ્થાના પરિસરને નંદનવન સમું બનાવી દીધું. સહ માનદ્‌મંત્રીશ્રી અનિશભાઈ શાહે આ અભિયાનને નવી દિશા અર્પી... આવા કેમ્પસની પ્રચુરતા, તેનો વ્યાપ, તેની રમણીયતા, મોહકતા અને તેના પર સાંપડતી તમામ સુવિધાઓનો મિત્રો ! તમે લાભ લેજો અને તમારા આ સંસ્થામાં મેળવેલ પ્રવેશને સફળ બનાવજો.

## સામાન્ય માહિતી :

તેજસ્વિનાવધીતમસ્તુ અંધકારમાંથી પ્રકાશ તરફ ગતિ કરવાના અભિગમ પ્રત્યે સંસ્થા પ્રતિબદ્ધ છે. સ્નાતક કક્ષાએ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, ગૃહવિજ્ઞાન, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર મુખ્ય વિષયો તથા રાજ્યશાસ્ત્ર ગૌણવિષય તરીકે અધ્યાપન-કાર્યની સુવિધા ધરાવતી આ કૉલેજમાં હિન્દી, ગુજરાતી, સંસ્કૃત અને ગૃહવિજ્ઞાન આમ ચાર વિષયોનાં અનુસ્નાતક વર્ગો અને M. Phil. તથા Ph. D. ના માર્ગદર્શક વર્ગો પણ ચાલે છે. વિવિધ વિષયોના ૨૮ પ્રાધ્યાપકોમાંથી ૧૫ Ph. D. અને ૧૨ M. Phill. ની ઉચ્ચ પદવી ધરાવે છે. કેટલાક પ્રાધ્યાપકોનું સંશોધન કાર્ય ચાલુ છે. લગભગ બધા જ પ્રાધ્યાપકો અનુસ્નાતક વર્ગોમાં અધ્યાપન કાર્ય કરે છે અને પોતાના વિષય પરત્વે સમર્પિત છે. વિદ્યાર્થીઓને પરીક્ષા માટે તૈયાર કરવા ઉપરાંત જીવનની પરીક્ષામાં ઝળહળતી ફતેહ માટે કટિબદ્ધ થાય એવા નમ્ર પ્રયત્ન કરવામાં આવે છે. વિદ્યાર્થીની જિજ્ઞાસાને સંતોષવી, તે દ્વારા તેને વિષય આત્મસાત કરાવવો અને ત્યારબાદ તેનું અમલીકરણ કરાવવું એ પ્રાધ્યાપકોના મુદ્રાલેખ છે. વિદ્યાર્થીઓને વિષયની પસંદગીમાં પણ પૂરતી સહાય કરવામાં આવે છે. મરજી તમારી, માર્ગદર્શન અમારું, વિદ્વાન પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો, ચર્ચા, સેમિનારો, પ્રોજેક્ટ વર્ક, એસાઈનમેન્ટસ વગેરે દ્વારા વિદ્યાર્થીને પોતાના વિષય પરત્વે સંવેદનશીલ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવે છે.

શિસ્તપાલન અહીંની આગવી વિશિષ્ટતા છે. પ્રવેશોત્સવ દ્વારા અને માહિતી પત્રકમાં દર્શાવેલ વિશદ્ માહિતીઓ દ્વારા તમને સંસ્થાનો સંપૂર્ણ ખ્યાલ જરૂર આવી જશે. આટલો ઉપોદ્‌ઘાત પૂરતો છે. પુનઃ સૌને ઉષ્માભર્યો આવકાર આપી, હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

**— શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજ પરિવાર**

## VISION

- સંસ્થાનું દર્શન એના મુદ્રા લેખ '**તેજસ્વિનાવધીતમસ્તુ**' માં અભિવ્યક્ત થાય છે.
- કૉલેજના હીરને પ્રગટાવીને માનવવિદ્યા અને સમાજવિદ્યાના શિક્ષણમાં અમારા વિસ્તારમાં એક સિમાચિહ્ન સ્થાપિત કરવું.
- આદર્શ નાગરિક બનાવીને સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવું.
- આધુનિક સમયમાં પડકારો ઝીલવા અને હરિફાઈને જીતવા માટે વિદ્યાર્થીને સજ્જ કરવો.

## MISSION

- માનવજાત સાથે તાદાત્મય સાધવા માટે વિદ્યાર્થીને સક્ષમ કરવો.
- વિદ્યાર્થીઓને બુદ્ધિ આંક, આવેગિક આંક અને સામાજિક આંકના આદર્શ સંયોજનરૂપ બનાવવા.
- વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ અને નૈતિક મૂલ્યોને કેળવીને તેમની ક્ષમતાઓને વિકસાવવી.
- વિદ્યાર્થીઓને બૌદ્ધિક અને શારીરિક વિકાસ માટે શિસ્તબદ્ધ અને તંદુરસ્ત વાતાવરણ પૂરું પાડવું.

## પ્રવેશ પ્રક્રિયા

પ્રવેશપત્ર ભરીને પરત આપવાનો સમય અને તારીખ કૉલેજના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. તમામ વર્ગોમાં પ્રવેશ ગુણવત્તાના આધારે તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ અપાશે.

૧. રૂા. ............ ફી ભરી પ્રવેશપત્ર કૉલેજમાંથી મળશે. પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીએ પોતે જાતે પ્રવેશપત્ર ભરીને પ્રવેશ માટે ઉપસ્થિત રહેવું.

૨. તમારા પ્રવેશપત્ર સાથે નીચે જણાવેલા દસ્તાવેજો સહિત પ્રવેશ સમિતિને સુપરત કરવાના રહશે.

(A) ધોરણ ૧૨નું ગુણપત્રક (મૂળ તથા એક ઝેરોક્ષ નકલ)
(B) સ્કુલ લીવીંગ સર્ટિફીકેટ (મુળ તથા એક ઝેરોક્ષ નકલ)
(C) સંપૂર્ણ માહિતી ભરેલું પ્રવેશપત્ર
(D) પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ
(E) આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ
(F) એકાઉન્ટ નંબર
(G) બી.એ.સેમ.-૧ માં પ્રવેશ વખતે પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટીના નિયમ મુજબ રજિસ્ટ્રેશન માટે એનરોલમેન્ટ ફોર્મ નિયત તારીખ સુધીમાં ભરવું ફરજિયાત છે. ત્યારબાદ રૂા. ૨૫૦/- દંડ ભરવો પડશે.
(H) જાતિનું પ્રમાણપત્ર અને આવકનો દાખલો.

૩. અન્ય કૉલેજોમાંથી બી.એ. સેમિસ્ટર-III અને V માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ તેમણે છેલ્લે પાસ કરેલી યુનિવર્સિટી પરીક્ષાનું ગુણ પત્રક (મૂળ તથા એક ઝેરોક્ષ નકલ) અને બે પાસપોર્ટ સાઈઝના ફોટા રજૂ કરવા, આવા વિદ્યાર્થીઓએ ટ્રાન્સફર સર્ટિફીકેટ, જે કૉલેજમાંથી આવતા હોય તેમાંથી મેળવવા માટેનું નિયત અરજીપત્રક કૉલેજ ઓફિસમાંથી મેળવી લેવું. અન્ય કૉલેજમાથી આવનાર વિદ્યાર્થીએ નો-ઓબ્જેકશન સર્ટિફીકેટ અવશ્ય રજૂ કરવાનું રહેશે.

૪. અન્ય રાજ્યો કે યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાથી કામચલાઉ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટિફીકેટ પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર રજૂ કરવું તથા પ્રથમ સત્રના અંત સુધીમાં અંતિમ પ્રવેશ યોગ્યતાનું પ્રમાણપત્ર રજૂ કરવું અન્યથા પ્રવેશ રદ થશે.

૫. પછાત વર્ગના વિદ્યાર્થીઓએ પૂરી ફી ભરવાની રહેશે, પરંતુ પ્રવેશ મેળવતી વખતે સમાજ કલ્યાણ અધિકારી, વલસાડ પાસેથી મેળવેલ સરકારી દાખલાની મૂળ નકલ રજૂ કરવી. પ્રવેશ આપ્યા બાદ આ દાખલો પરત આપવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓએ પોતાના ઉપયોગ માટે દાખલાની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રાખી મૂકવી. બહારની અન્ય કૉલેજમાંથી આવતા બી. સી. વિદ્યાર્થીઓએ ઉપલા વર્ગમાં પ્રવેશ મેળવે ત્યારે તેમણે બી. સી. કાર્ડ ઓફિસમાં રજૂ કરવાના રહેશે.

## સ્નાતક કક્ષાએ

### બી. એ. સેમેસ્ટર : I - II — કુલ સાત પ્રશ્નપત્રો

૧. ફરજિયાત ભાષા : અંગ્રેજી / ગુજરાતી / હિન્દી (ત્રણ વિષયમાંથી કોઈપણ એક વિષય)

૨. સંસ્કૃત (સી.એલ.)

૩. પર્યાવરણનો અભ્યાસ (ફરજિયાત)

૪. નીચે દર્શાવેલ (૧) થી (૫) વિષયોમાંથી કોઈપણ બે વિષયો **અથવા** વિષય ૫, ૬ અને ૭ માંથી કોઈપણ એક વિષય-ગ્રુપ પસંદ કરો.

(૧) ગુજરાતી પ્રશ્નપત્ર : ૧, ૨ (૨) હિન્દી પ્રશ્નપત્ર : ૧, ૨ (૩) સંસ્કૃત પ્રશ્નપત્ર : ૧, ૨
(૪) અંગ્રેજી પ્રશ્નપત્ર : ૧, ૨ (૫) હોમ સાયન્સ : ૧, ૨

૫. અર્થશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨ અને માનસશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨ **અથવા** રાજ્યશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨

૬. માનસશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨ અને અર્થશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨ **અથવા** રાજ્યશાસ્ત્ર પ્રશ્નપત્ર : ૧, ૨

૭. ગૃહવિજ્ઞાન પ્રશ્નપત્ર : ૧, ૨ પ્રશ્નપત્ર : ૧ - ૨ (માત્ર બહેનો માટે)

૮. ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સ ૧, ૨ (ફક્ત હોમ સાયન્સ લેનાર વિદ્યાર્થીનીઓ માટે)

**નોંધ :**

૧. પ્રવેશપત્રમાં જે વિષયમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી હશે તેમાંજ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવતી વખતે પસંદ કરેલ વિષયો કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહીં.

૨. ફરજિયાત ભાષા તરીકે બી. એ. સેમેસ્ટર-I માં જે ભાષા રાખી હોય તે બી. એ. સેમેસ્ટર-VI સુધી બદલી શકાશે નહીં.

### બી.એ. સેમેસ્ટર : III - IV — કુલ સાત પ્રશ્નપત્રો

૧. ફરજિયાત ભાષા : અંગ્રેજી / ગુજરાતી / હિન્દી (ત્રણ વિષયમાંથી કોઈપણ એક વિષય)

૨. ઈન્ટરડીસીપ્લીનરી વિષય : (૧) સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (૨) લોકલ સેલ્ફ ગવર્મેન્ટ (૩) જગતની મહાન ક્રાંતિઓ

૩. મુખ્ય વિષય : ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / અંગ્રેજી
**અથવા**
અર્થશાસ્ત્ર / માનસશાસ્ત્ર / ગૃહવિજ્ઞાન

૪. ગૌણ વિષય : ગુજરાતી / હિન્દી/સંસ્કૃત / અંગ્રેજી / ફેમિલિ એન્ડ કોમ્યુનીટી સાયન્સ
**અથવા**
અર્થશાસ્ત્ર /માનસશાસ્ત્ર /રાજ્યશાસ્ત્ર
(એફ.વાય.બી.એ. માં પસંદ કરેલ એક વિષયના ૨ પ્રશ્નપત્રો)

### બી.એ. સેમેસ્ટર : V - VI — કુલ સાત પ્રશ્નપત્રો

૧. ફરજિયાત ભાષા : અંગ્રેજી /ગુજરાતી / હિન્દી

૨. મુખ્ય વિષય : ગુજરાતી / હિન્દી / સંસ્કૃત / અંગ્રેજી / અર્થશાસ્ત્ર / માનસશાસ્ત્ર / ગૃહવિજ્ઞાન
(એસ.વાય.બી.એ. માં રાખેલ મુખ્ય વિષયના ૬ પ્રશ્નપત્રો)

## અનુસ્નાતક કક્ષાએ

**એમ.એ. :** (૧) ગુજરાતી (૨) હિન્દી (૩) સંસ્કૃત (૪) ગૃહવિજ્ઞાન

**નોંધ :**

(૧) એમ. એ. સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ના વર્ગો સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન અનુસ્નાતક ભવનમાં ચાલે છે.

(૨) ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર વિષયમાં M. Phil તથા Ph. D. ના અભ્યાસ / માર્ગદર્શનની

## સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ

યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ૫૦ ગુણની યુનિવર્સિટી પરીક્ષા વર્ષને અંતે લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન બે આંતરિક કસોટીઓ, એસાઈનમેન્ટસ વગેરેના મળી ૨૦ ગુણની આંતરિક મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં છે.

૧. દરેક સેમેસ્ટરને અંતે ૫૦ માર્કસની ટેસ્ટ લેવામાં આવે છે. **આંતરિક કસોટીમાં ૫૦ ટકાથી વધુ વિષયોમાં પાસ થવું ફરજિયાત છે. તેથી ઓછા વિષયમાં પાસ થનારા વિદ્યાર્થીઓને યુનિ. પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.** તેમજ આગળના સેમેસ્ટરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર પદ્ધતિ અમલમાં છે જેમાં ૨ વર્ષમાં કુલ ૪ સેમેસ્ટર વિદ્યાર્થીઓએ ભણવાના રહેશે.

૨. **સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ આંતિરક મૂલ્યાંકન :**

| | |
|---|---|
| (I) કૉલેજની આંતરિક મૂલ્યાંકન કસોટી | ૦૮ માર્ક્સ |
| (II) એસાઈનમેન્ટસ | ૦૮ માર્ક્સ |
| (III) હાજરી | ૦૪ માર્ક્સ |
| **કુલ** | **૨૦ માર્ક્સ** |

## યુનિવર્સિટીના નિયમો

૧) UG માટે જે તે સેમેસ્ટર વિદ્યાર્થીએ પ્રથમ પ્રયત્ન સહિત કુલ છ (૬) પ્રયત્નો તથા ત્રણ (૩) શૈક્ષણિક વર્ષની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું રહેશે.

૨) UG નો સંપૂર્ણ અભ્યાસક્રમ (પ્રોગ્રામ) એટલે કે, છ એ છ સેમેસ્ટરો પ્રવેશ લીધાના વર્ષ સહિત કુલ ૬ (છ) શૈક્ષણિક વર્ષોની મર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

૩) જો કોઈ વિદ્યાર્થી /વિદ્યાર્થિની ડબલ ગ્રેજ્યુએશન (સેકન્ડ ગ્રેજ્યુએશન) કરવા માંગતા હોય તેવા કિસ્સામાં કિસ્સા જોગ ડીનશ્રીનો અભિપ્રાય લઈ ડીગ્રી પરીક્ષા પાસ કર્યાથી બે શૈક્ષણિક વર્ષોમાં પરીક્ષા આપી શકશે.

૪) કુલ વિષયો પૈકી ૫૦ ટકા કરતા વધારે વિષયોમાં ઈન્ટરનલ પરીક્ષામાં પાસને સમકક્ષ ગુણ ન મેળવેલ હોય, ૭૫ ટકા કરતાં ઓછી હાજરી હોય તેવા વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓના યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ વિડ્રો થશે.

૫) જો કોઈ વિદ્યાર્થીનું પ્રથમ સેમેસ્ટરમાં ફોર્મ વિડ્રો થયેલ હશે તો તે બીજા સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે નહીં તથા બીજા સેમેસ્ટરની પરીક્ષા પણ આપી શકશે નહીં.

૬) યુનિવર્સિટી પરીક્ષામાં ચોરી કરતા પકડાયેલ (કોપી કેસ થયેલ હોય) હોય તેવા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટીના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

૭) PG નો સંપૂર્ણ અભ્યાસક્રમ (પ્રોગ્રામ) એટલે ચાર એ ચાર સેમેસ્ટરો પ્રવેશ લીધાના વર્ષ સહિત ૫ (પાંચ) શૈક્ષાણિક વર્ષોની મર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

૮) યુનિવર્સિટીના નિયમ વિરૂદ્ધ કે ખોટી રીતે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીનો પ્રવેશ ગમે ત્યારે રદ કરી શકાશે.

# સુવિધાઓ

| | | |
|---|---|---|
| ૧. | કેમ્પસ | : ૬૫ એકરમાં લીલુછમ, હરિયાળું અને સ્વચ્છ કેમ્પસ. |
| ૨. | પુસ્તકાલય | : ૫૬,૦૦૦ થી વધુ પુસ્તકો, સીડી, ડીવીડી, વિડીયો વગેરેની સુવિધા. |
| ૩. | ડિજીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ | : અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ માટે.<br>ઓડીયો વિઝયુઅલ કોમ્પ્યુટર ટ્રેઈનીંગ સુવિધા. |
| ૪. | SCOPE | : કેમ્બ્રીજ યુનિવર્સિટીનું સર્ટિફીકેટ |
| ૫. | સર્ટીફીકેટ કોર્ષ | : કેલીગ્રાફી,સ્પોકન ઈંગ્લીશ અને ભાષાંતર, બેઝિક કોમ્પ્યુટર, ગ્રાફિક ડિઝાઈનીંગ, સિવણ,, ડિઝાઈનીંગ, ઈન્ટીરીયર ડિઝાઈન. |
| ૬. | GKS અને MPU સરકારી સર્ટીફીકેટ કોર્ષ | : કોમ્પ્યુટર કોર્ષ અને ગૃહીણી કૉલેજ સિવાયના અભ્યાસ ઈચ્છુક માટે. વિવિધ કોર્ષની સુવિધા. |
| ૭. | કેન્ટીન | : ઓછા ખર્ચે તાજા નાસ્તાની સુવિધા. |
| ૮. | સંસ્કાર કેન્દ્ર | : વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે અદ્યતન હૉલની સુવિધા. |
| ૯. | વુમન પ્રિવેન્સન સેલ | : બહેનોની સલામતી માટે સેલ કાર્યરત. |
| ૧૦. | અનુસ્નાતક વર્ગો | : શ્રી માઁ સરસ્વતી અનુસ્નાતક ભવનની સુવિધા. |
| ૧૧. | વિદ્યાર્થી સહાય કેન્દ્ર | : રાહત દરે બુક બેન્કની સુવિધા. |
| ૧૨. | છાત્રાલયો (ભાઈઓ અને બહનો માટે) | : ખૂબ જ વ્યાજબી કિંમતે રહેઠાણ અને ભોજનની સુવિધા. |
| ૧૩. | ઝેરોક્ષ સેન્ટર | : વિદ્યાર્થીઓ માટે ઝેરોક્ષની સુવિધા. |
| ૧૪. | તબીબી સુવિધા | : વિદ્યાર્થીઓની સામાન્ય તબીબી તપાસની સુવિધા. |
| ૧૫. | પીવાનું શુદ્ધ પાણી | : મિનરલ વોટર (આર. ઓ.) ની સુવિધા. |
| ૧૬. | ઓડિયો વીજીયલ સેમિનાર હૉલ | : સ્માર્ટ બોર્ડ તથા એલસીડીની સુવિધાવાળો અદ્યતન હૉલ. |
| ૧૭. | વિશેષ પુરસ્કાર | : ઝવેરચંદ મેઘાણી વિષય ઉપર Ph. D. કરનારને રૂા. ૧,૦૦,૦૦૦ નો પુરસ્કાર શ્રી ભરતભાઈ દેસાઈ તરફથી તથા M. Phil કરનાર દરેકને રણજીતસિંહ દેસાઈ તરફથી રૂા. ૧૦,૦૦૦/- પુરસ્કાર. |
| ૧૮. | રોજગારીલક્ષી પરીક્ષા માટેના વર્ગો | : NET, SLET, Entry in Service UPSSC, GPSC કલાર્ક વગેરે |
| ૧૯. | ઉદ્દીશા કલબ | : વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માર્ગદર્શન તથા કેમ્પસ ઈન્ટરવ્યુના આયોજનની સુવિધા. |
| ૨૦. | રેમેડીયલ કોચીંગ કલાસીસ | : કૉલેજના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે એકસ્ટ્રા કલાસીસનું આયોજન. |
| ૨૧. | ફ્રી ઈન્ટરનેટ સુવિધા | : વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરીમાં વ્યવસ્થા. |
| ૨૨. | ફી માફી | : આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે ફી માફીની સુવિધા. |
| ૨૩. | પાર્કિંગ સુવિધા | : સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે અલગ પાર્કિંગની સુવિધા. |
| ૨૪. | સ્પોર્ટસ | : ઈન્ડોર સ્પોર્ટસ હૉલની સુવિધા. |
| ૨૫. | સ્પીકર | : દરેક વર્ગમાં સ્પીકરની સુવિધા જેના વડે પ્રાર્થનાથી શુભારંભ. |
| ૨૬. | રમત-ગમત મેદાન | : રમત-ગમતનું લોન આચ્છાદિત મેદાન. |
| ૨૭. | સી. સી. કેમેરા | : સી. સી. કેમેરાથી સજ્જ કૉલેજ કેમ્પસ /કૉલેજ |
| ૨૮. | કોમ્પ્યુટર તાલીમ વર્ગો | : કૉલેજના વિદ્યાર્થીઓ માટે ફ્રી માં કોમ્પ્યુટર તાલીમ. |
| ૨૯. | WI-Fi | : વિદ્યાર્થીઓને સસ્તા દરે WI-Fi સુવિધા પૂરી પાડવી. |

# સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ

## ૧. વિવિધ ભાષા સાહિત્ય તથા સમાજવિદ્યા મંડળ :

કૉલેજમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત વિષયની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. નિબંધલેખન, કાવ્યલેખન, શ્લોકગાન, કાવ્યપઠન, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા સભા વિ. નું આયોજન કરવામાં આવે છે. વળી, વિષયોના અનુભવી અને ખ્યાતનામ વક્તાઓ, લેખકો, કવિઓને વ્યાખ્યાનો માટે નિમંત્રિત કરવામાં આવે છે.

સમાજવિદ્યા મંડળના ઉપક્રમે અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ, પ્રવાસો, વક્તવ્યોનું પણ આયોજન કરવામાં આવે છે. અભ્યાસમાં નબળા અને પ્રથમ અને દ્વિતીય કસોટીઓમાં અનુત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ખાસ માર્ગદર્શન વર્ગો પણ ચલાવવામાં આવે છે.

## ૨. વાર્ષિક મુખપત્ર :

કૉલેજમાં વર્ષ દરમ્યાન થતી શૈક્ષણિક અને સહશૈક્ષણિક, સિદ્ધિઓનું પ્રતિબિંબ સમું અમારું વાર્ષિક મુખપત્ર ''શૈલજા'' પ્રગટ થાય છે. તેમાં વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપકોના લેખો, કાવ્યો, વાર્તાઓ વિ. પ્રકાશિત થાય છે.

## ૩. અભ્યાસ વર્તુળ (સ્ટડી સર્કલ) :

વિદ્યા અને જ્ઞાન વહેંચવાથી વધે છે એ ઉક્તિને સાર્થક કરતું આ વર્તુળ વર્ષ દરમિયાન વિવિધ વિષયોના પુસ્તકોનું વિદ્યાર્થીઓ દ્વારા વાંચન કરાવી તેનો લાભ અનેક વિદ્યાર્થીઓને મળે તે હેતુથી સભા યોજી જ્ઞાન વહેંચવાની પ્રવૃત્તિ કરે છે. વિદ્યાર્થી પોતાના મનપસંદ વિષય, લેખન કે પુસ્તકનો સઘન અભ્યાસ (ભણવા સિવાયના) કરી તે વિષય પર પોતાના વિચારો પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરે છે. અંતે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવે છે.

## ૪. પ્લાનીંગ ફોરમ :

આ સમિતિના ઉપક્રમે નિષ્ણાંત વક્તાઓના પ્રવચન પણ રાખવામાં આવે છે. પોસ્ટર પ્રદર્શન યોજવા જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## ૫. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન :

કૉલેજમાંથી અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓને કૉલેજ સાથે સંબંધ જળવાઈ રહે તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મંડળ બનાવવામાં આવ્યું છે. જેના દ્વારા જુદી-જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## ૬. ગોલ્ડ કલબ :

કૉલેજના હોંશિયાર વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે દરેક વર્ગના દશ-દશ વિદ્યાર્થીઓને સભ્ય બનાવી ખાસ માર્ગદર્શન આપવામાં આવે છે.

## ૭. ભીંતપત્રો :

દૈનિકપત્રો અને સામાયિકોમાં આવતા અવનવા સમાચારો, જ્ઞાનસભર માહિતીસભર માહિતીપદ લેખો, સુવિચાર, વિ. ના ભીંતપત્રના નોટિસ બોર્ડ પર ખૂબ જ આકર્ષક એવી રીતે રજૂ થાય છે કે વિદ્યાર્થીઓ એની આતુરતાથી રાહ જુએ છે. અને બીજાને પણ નવું નવું વાંચી રજૂ કરવાનું પ્રોત્સાહન મળે છે.

## ૮. કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર :

કૉલેજમાં ભણીને ડીગ્રી મેળવ્યા પછી વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તે માટે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે.IAS, IPS માટે UPSC , GPSC,NAT, SLET જેવી સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષા માટેની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે. સરકારી યા અર્ધ સરકારી નોકરી માટે અરજીપત્રકની તૈયારી ઈન્ટરવ્યુની તૈયારી અને તેની તાલીમ આપવામાં આવે છે. ઔદ્યોગિક ભરતી મેળા માટેની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત વ્યક્તિત્વ વિકાસના માર્ગદર્શક વ્યાખ્યાન તથા સ્પોકન ઈંગ્લીશ વર્ગોનું સંચાલન પણ કરવામાં આવે છે.

# શિક્ષણેતર પ્રવૃત્તિઓ

## ૧. વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ (વિદ્યાર્થી સંઘ) :

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ગાઈડ લાઈન મુજબ કૉલેજમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણી કરવામાં આવે છે. જેમાં જનરલ સેક્રેટરી, વિવિધ સમિતિઓના મંત્રી સભ્યોને ચૂંટી કાઢવામાં આવે છે. તેમના દ્વારા વર્ષ દરમ્યાન જુદી જુદી પ્રવૃત્તિઓ કરી વિદ્યાર્થી સંઘના ઉપક્રમે ઈનામ-વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

## ૨. રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) :

યુવા શક્તિને રચનાત્મક માર્ગે વાળવાના શુભ આશયથી કૉલેજમાં N.S.S. ના-૪ એકમોમાં લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓ કાર્યરત છે. યુવાનોમાં નેતૃત્વના ગુણોનો વિકાસ થાય, શિસ્ત અને સામાજિક ભાવનાના વિકાસમાં **N.S.S.** મહત્વની ભૂમિકા ભજવે છે. રક્તદાન શિબિર, રાહતદરે ચશ્મા શિબિર, ઉર્જાબચાવ અભિયાન, અંધજનોને ફાળો, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, વ્યસનમુક્તિ અભિયાન, થેલેસેમિયા, સિકલસેલ એનિમિયા પરીક્ષણ કાર્યક્રમ સાક્ષરતા અભિયાન વગેરે સમાજ ઉપયોગી કાર્યો ખૂબ ઉત્સાહથી N.S.S. ઓફિસરોની રાહબરી હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. એક દિવસીય તેમજ સાત દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવે છે.

## ૩. એન. સી. સી. :

વિદ્યાર્થીઓને ડિફેન્સ સર્વિસીસમાં સર્વિસ મળે તેમજ ચારિત્ર્ય શિસ્તનું ઘડતર થાય તેવા ઉમદા હેતુથી N.C.C. પ્રવૃત્તિ સરસ રીતે ચાલે છે તેમાં વધુ સુવિધાઓ માટે કૉલેજમાં યુનિટ ચાલુ કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.

## ૪. જીમખાના :

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઈન્ડોર તેમજ આઉટડોર રમતગમતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, આંતરવર્ગ હરિફાઈઓ યોજવામાં આવે છે. , યુનિવર્સિટી તેમજ તાલુકા-જિલ્લા કક્ષાના રમતોત્સવમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને તાલીમ તેમજ અન્ય સગવડો આપવામાં આવે છે.

## ૫. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિને વાચા આપવા તેમજ તેમના સંવર્ધનાર્થે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેમ કે રાસ, ગરબા, નૃત્ય, ગીત-સંગીત, એકપાત્રીય અભિનય નાટકનું આયોજન થાય છે. ઉપરાંત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજાતા તેમજ યુનિવર્સિટી મહોત્સવ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવે છે. એ સિવાય કૉલેજમાં ફેસ્ટીવલ વીક તેમજ બીજા કાર્યક્રમોનું રંગેચંગે આયોજન કરવામાં આવે છે.

## ૬. મહિલા ઉત્કર્ષ મંચ :

આધુનિક સમાજમાં સ્ત્રીઓ પોતાનો અધિકાર, હક માટે જાગૃત થાય, કાયદા અંગે માહિતી મેળવી જાગૃત થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. જેમ કે વ્યાખ્યાનો, ચર્ચા, પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવે છે. તે સિવાય અર્થોપાજન માટેના વિવિધ કલા કૌશલ્યો શીખવવામાં આવે જેથી ભવિષ્યમાં સન્માનપૂર્વક ઉચ્ચ મસ્તકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે.

## ૭. વસ્તી શિક્ષણ કલબ :

આજની સળગતી વસ્તી વિસ્ફોટની સમસ્યાને અનુલક્ષીને વસ્તી નિયંત્રણ માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી. કુટુંબ કલ્યાણ વિષયક પ્રવૃત્તિઓ, કુટુંબ નિયોજનના લાભો વિ. અંગે માહિતીસભર પ્રવચન યોજવામાં આવે છે. ''બેટી બચાવો'' કાર્યક્રમ હેઠળ સ્ત્રીભૃણ હત્યાનો વિરોધ દર્શાવતી રેલી, શેરી નાટકો તથા પોસ્ટર તેમજ નિબંધલેખન સ્પર્ધા યોજવામાં આવે છે.

### ૮. પ્રવાસ :

સંઘભાવના અને સાહસિકતાનો સંચાર થાય એ ઉદ્દેશથી કૉલેજ દ્વારા એક દિવસના કે વધુ દિવસના પ્રવાસો યોજાય છે. ટ્રેકીંગ, વન પરિભ્રમણ, સાયકલ પ્રવાસ, મોટર સાયકલ પ્રવાસ વિ.નું પણ આયોજન કરવામાં આવે છે.

### ૯. સાહિત્યક વાદ-સંવાદ પ્રવૃત્તિઓ :

વિદ્યાર્થીઓનો બૌદ્ધિક વિકાસ થાય, આત્મવિશ્વાસ કેળવાય એવા હેતુસર વિવિધ વિષયો પર ચર્ચા સભા, વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપઠન તથા કવીઝકોમ્પીટીશનનું આયોજન કૉલેજ કક્ષાએ કરવામાં આવે છે. યુનિવર્સિટી તેમજ આંતરકૉલેજ આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા મોકલવામાં આવે છે.

### ૧૦. ગ્રાહક સુરક્ષા મંડળ :

ખોટા પ્રલોભનો અને છેતરામણી જાહેરાત દ્વારા કોઈપણ ગ્રાહક ભોગ ન બને એ હેતુથી ગ્રાહક અધિકારો અને ગ્રાહક જાગૃતિ અંગે વ્યાખ્યાનો યોજવામાં આવે છે. ગ્રાહક સુરક્ષા સપ્તાહ ઉજવણી તથા વિવિધ કાયદાકીય માહિતીઓ વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવે છે.

### ૧૧. પર્યાવરણ મંડળ (ઈકો કલબ) :

પર્યાવરણને લગતી ઉપયોગી માહિતી મેળવી કુદરત પ્રત્યે સંવેદનશીલ બને તે માટેના કાર્યક્રમો યોજવમાં આવે છે. વનપરિભ્રમણ, કુદરતને ખોળે પ્રાકૃતિક શિક્ષણ શિબિર, પ્રવાસ વિ. નું આયોજન કરવામાં આવે છે. ઔષધીય વનસ્પતિ વિશેના સ્લાઈડ શો, માહિતીસભર પ્રવચનો ઉપરાંત કવીઝ કોમ્પીટીશન, ચિત્ર, પોસ્ટર પ્રદર્શન વિ. પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

### ૧૨. શિક્ષણ અને અર્થોપાજન :

આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને અધ્યયનની સાથે સાથે અર્થોપાર્જન કરી પોતાનો શૈક્ષણિક ખર્ચ પોતે જ ઉઠાવી શકે તે માટે વિવિધ કૌશલ્ય ખાસ કરીને ગૃહવિજ્ઞાન વિભાગની વિદ્યાર્થીઓને શિખવવામાં આવે છે.

### ૧૩. સપ્તધારા :

સપ્તધારાની પ્રવૃત્તિ તેમજ વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

## રેગીંગ (નિષ્કારણ હેરાનગતિ) ના દૂષણને અંકુશમાં લેવા અંગે

ભારતની સર્વોચ્ચ અદાલતના આદેશ અનુસાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ (નિષ્કારણ હેરાનગતિ) આ દૂષણને અંકુશમાં લેવા અંગેના વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ (યુ.જી.સી.) નવી દિલ્હીના તા. ૪ માર્ચ, ૨૦૦૮ ના પત્રાદેશ અનુસાર –

આજે ઉચ્ચ શિક્ષણ આપતા મોટાભાગના મહાવિદ્યાલયોમાં વરિષ્ઠ વિદ્યાર્થીઓ તેમના અનુગામી વિદ્યાર્થીઓને નિષ્કારણ કનગડત કરે છે અને શારીરિક હેરાનગતિ કરે છે. આ પ્રથા લાંછનરૂપ છે અને તેથી સંપૂર્ણ તથા વર્જિત ગણવી. જો કોઈ વિદ્યાર્થી આવા ગુનામાં સંડોવાશે તો આચાર્યશ્રી તેનો પ્રવેશ રદ કરશે. અલબત્ત, કસૂરવાર વિદ્યાર્થી આ અંગે બચાવ માટે અપીલ કરી શકશે, છતાં તે દલીલો સંતોષકારક અને ગ્રાહ્ય નહીં લાગે તો આચાર્યશ્રીને તેનો પ્રવેશ રદ કરવાની સંપૂર્ણ સત્તા રહેશે.

વિદ્યાર્થીએ પોતે ઓનલાઈન એન્ટ રેગીંગનું રજીસ્ટ્રેશન www.antiraging.in પર કરાવવાનું રહેશે.


## ફ્રીશીપ-સ્કોલરશીપ


કૉલેજમાં અભ્યાસ કરતા તેજસ્વી અને લાયક વિદ્યાર્થીઓને નીચે જણાવેલ **ફ્રીશીપ સ્કોલરશીપ** આપવામાં આવે છે.

- કેન્દ્ર સરકારની નેશનલ મેરીટ સ્કોલરશીપ.
- રાજ્ય સરકારની મેરીટ ધરાવતા વિદ્યાર્થીઓને માટે ઉચ્ચ શિક્ષણ માટેની સ્કોલરશીપ.
- રાજ્ય સરકારની એસ.સી./ એસ.ટી. /ઓ.બી.સી. સં. વર્ગના વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ.
- રાજ્ય સરકારની શારીરિક ખોડખાંપણ ધરાવનાર વિદ્યાર્થીઓ માટેની સ્કોલરશીપ.
- વિદ્યાર્થી સહાય કેન્દ્ર દ્વારા લાયક અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટબુક, દાકતરી સારવાર વગેરે માટે સહાય કરવામાં આવે છે.
- અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી બહેનો માટે કેન્દ્ર સરકારની '**સીંગલ ગર્લ્સ ચાઈલ્ડ**'ને સ્કોલરશીપનો લાભ આપવામાં આવે છે.
- મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના.
- વિદ્યાર્થી યુનિવર્સિટી તથા રાજ્યકક્ષાએ રમત-ગમત અથવા અભ્યાસકીય પ્રવૃત્તિ વ્યક્તિગત પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે તેને ફી મુક્તિનો લાભ આપવામાં આવશે.

## અમારા યુનિવર્સિટી પરીક્ષાના પરિણામો ( એપ્રિલ ૨૦૨૧-૨૨

| Sr.No. | Programme Name | Distiction | First | Second | College Result | Univercity Result |
|---|---|---|---|---|---|---|
| 1. | BA SEM - I | 157 | 156 | 76 | 85.87% | 81.55% |
| 2. | BA SEM - III | 44 | 77 | 285 | 86.01% | 85.47% |
| 3. | BA SEM - V | 88 | 99 | 184 | 95.61% | 95.37% |
| 4. | MA SEM - III | 50 | 49 | 24 | 96.09% | — |



# SMT. JARBANU PHIROJSHA SHROFF ARTS COLLEGE

## DEPARTMENT WISE TEACHING STAFF

### SANSKRIT


**Dr. S. R. CHAMPANERI**
M. A., Ph. D.


**Dr. B. C. PATEL**
M. A., Ph. D.


**Dr. A. L. PATEL**
M. A., M. Phil, Ph. D.


**Dr. G. P. PATEL**
M.A., Ph. D.

### HINDI


**Dr. S. R. SARAVIA (HOD)**
M. A., Ph. D.


**Shri C. N. PATEL**
M. A.


**Smt. J. D. DESAI**
M. A., M. Phil.


**Smt. S. R. PATEL**
M. A.

### GUJARATI


**Dr. G. K. PATEL**
M. A., Ph. D.


**Dr. B. M. THAKOR**
M. A., Ph. D.


**Dr. D. M. CHAUHAN**
M. A., Ph. D.

### ECONOMICS


**Shri B. C. SABLE (HOD)**
M. A.


**Smt. N. G. Patel**
M. A.

### POLITICAL SCIENCE


**Shri S. L. ROT (HOD)**
M. A., PGDCA, NET

### PSYCHOLOGY


**Dr. K. A. VYAS (HOD)**
M. A., Ph. D.


**Dr. J. S. JOSHI**
M. A., Ph. D.

### ENGLISH


**Smt. B. B. DESAI (HOD)**
M. A.


**Smt. J. J. PATEL**
M. A., M. Phil.


**Smt. NILAM MISTRY**
M. A.

### HOMESCIENCE


**Dr. G. N. Patel (HOD)**
Msc, Ph. D.


**Smt. S. R. RAVAL**
M. A.

# SMT. JARBANU PHIROJSHA SHROFF ARTS COLLEGE

## ADMINISTRATIVE STAFF



**Shri D. M. BAROT**
Sr. Clerk



**Shri B. M. PATEL**
Sr. Clerk



**Ms. Simaben Bhavsar**
Adhoc Clerk



**Shri P. P. VASHI**
Adhoc Clerk



**Shri C. R. AHIR**
Adhoc Clerk



**Shri B. S. Ahir**
Adhoc Clerk



**Shri. G. R. CHAUHAN**
Adhoc Lib.



**Ms. B. S. DESAI**
Lab. Asstt.



**Ku. T. K. PATEL**
Adhoc Clerk



**Ms. A. M. PATEL**
Adhoc Clerk



**Shri V. R. PATEL**
Peon



**Shri D. M. RATHOD**
Lab Hamal



**Shri C. G. SHETARI**
Watchman



**Shri D. T. SOLANKI**
Peon



**Shri R. S. RATHOD**
Adhoc Peon



**Shri K. R. PATEL**
Adhoc Peon



**Shri P. I. MAKWANA**
Adhoc Sweeper



**Shri. M. R. MAKWANA**
Adhoc Sweeper



**Smt. N. M. CHAUDHARI**
Adhoc Sweeper

# ૫૩ માં કોન્વોકેશનમાં યુનિ. તરફથી આપણી કૉલેજના વિદ્યાર્થીઓએ મેળવેલ મેડલ તથા પ્રાઈઝ



**મહેતા આસ્થા જયેશભાઈ**
બી.એ., સેમ.-૬. સંસ્કૃત વિષયમાં
યુનિવર્સિટીમાં પ્રથમ પ્રાઈઝ પ્રાપ્ત કર્યું.
યુનિ. માર્કસ **295/350**



**રંગાણી દેવહુતી ચંદુલાલ**
બી.એ., સેમ.-૨, રાજયશાસ્ત્ર વિષયમાં
યુનિવર્સિટીમાં પ્રથમ પ્રાઈઝ પ્રાપ્ત કર્યું.
યુનિ. માર્કસ **280/350**


## COLLEGE TOP TEN 2020-21



**ભાનુશાલી વિધિ વસંતભાઈ**
બી. એ. સેમ-૨, યુનિ. માર્કસ **294/350**



**પટેલ આરતિ લલનભાઈ**
બી. એ. સેમ-૪, યુનિ. માર્કસ **291/350**



**મહેતા આસ્થા જયેશભાઈ**
બી. એ. સેમ-૬, યુનિ. માર્કસ **295/350**



**માછી તેજસ્વીતા અશોકભાઈ**
એમ. એ. સેમ-૪, યુનિ. માર્કસ **245/320**

**અગત્યની સુચના**

## બી.એ.સેમ.-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ ફોર્મ ભરતા સમયે નીચે મુજબ વિષયો ધ્યાનથી પસંદ કરવા

### Foundation Compulsory
ફરજિયાત (કોઈપણ એક વિષય)

| (૧ પેપર) | વિષય કોડ |
|---|---|
| ૧. Spoken & Written | ૨ |
| ૨. ભાષા સાહિત્ય કૌશલ (હિન્દી-૧) | ૨ |
| ૨. પ્રત્યાયન કૌશલ (ગુજરાતી) | ૫ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

### Foundation Elective
ફરજિયાત (કોઈપણ એક વિષય)

| (૧ પેપર) | વિષય કોડ |
|---|---|
| ૧. પર્યાવરણનો અભ્યાસ | ૧ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

### Classical Language (Core Allied)
ફરજિયાત (કોઈપણ એક વિષય)

| (૧ પેપર) | વિષય કોડ |
|---|---|
| ૧ સંસ્કૃત - ૧ | ૦૧ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

### Core Course
ફરજિયાત (કોઈપણ એક વિષય)

| (મુખ્ય) | વિષય કોડ |
|---|---|
| ૧.ગુજરાતી પે.૧ અને પે.૨ | ૧ |
| ૨. અંગ્રેજી પે.૧ અને પે.૨ | ૨ |
| ૩.હિન્દી પે.૧ અને પે.૨ | ૩૧ |
| ૪.સંસ્કૃત પે.૧ અને પે.૨ | ૪૧ |
| ૫.માનસશાસ્ત્ર પે.૧ અને પે.૨ | ૬ |
| ૬.અર્થશાસ્ત્ર પે.૧ અને પે.૩ | ૭ |
| ૭.હોમસાયન્સ પે.૧અને પે.૨ | ૮૨ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

### Subjective Elective
Core Course માં પસંદ કરેલ વિષય સિવાયનો કોઈપણ એક વિષય

| (ગૌણ) | વિષય-કોડ |
|---|---|
| ૧. ગુજરાતી પે.૧ અને પે.૨ | ૧ |
| ૨. અંગ્રેજી પે.૧ અને પે.૨ | ૨ |
| ૩. હિન્દી પે.૧ અને પે.૨ | ૩૧ |
| ૪. સંસ્કૃત પે.૧ અને પે.૨ | ૪૧ |
| ૫. માનસશાસ્ત્ર પે.૧ અને પે.૨ | ૬ |
| ૬. અર્થશાસ્ત્ર પે.૧ અને પે.૨ | ૭ |
| ૭. રાજ્યશાસ્ત્ર પે.૧ અને પે.૨ | ૯ |
| ૮. હોમસાયન્સ પે.૧ અને પે.૨ | ૮૨ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

### Extension Activities
(કોઈપણ એક)

| | વિષય-કોડ |
|---|---|
| ૧. એન.એસ.એસ. | ૧ |
| ૨. એન.સી.સી. | ૨ |
| ૩. પી.ટી. | ૩ |
| ૪. સપ્તધારા | ૪ |

ઉપરમાંથી કોઈપણ એક વિષય પસંદ કરવો

## સત્ર દીઠ ફી નું ધોરણ

| નં. | ફી ની વિગત | B.A. SEM. I & II | B.A. SEM. III& IV | B.A. SEM. V & VI | M.A. SEM. I-II=III-IV |
|---|---|---|---|---|---|
| ૧ | ટ્યુશન ફી | ૬૦૦ | ૬૦૦ | ૬૦૦ | ૧૪૦૦ |
| ૨ | દાખલ ફી (એક વખત) | ૧૦૦ | — | — | — |
| ૩ | આઈ કાર્ડ ફી (એક વખત) | ૫૦ | — | — | — |
| ૪ | વિદ્યાર્થી-શિક્ષક વેલફેર | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૫ | બુક્સ, ઈક્વીપમેન્ટ વગેરે | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | સ્ટુડન્ટ યુનિયન ફી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૭ | એમીનીટીઝ ફી | ૩૫૦ | ૩૫૦ | ૩૫૦ | ૩૫૦ |
| ૮ | કેમ્પસ ડેવલપમેન્ટ ફી | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૯ | ઈન્ટરનલ એક્ઝામીનેશન ફી | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ |
| ૧૦ | એનરોલીમેન્ટ ફી (એક વખત) | ૧૦૦ | — | — | — |
| ૧૧ | એનરોલમેન્ટ ફોર્મ ફી (એક વખત) | ૨૦ | — | — | — |
| ૧૨ | લાયબ્રેરી ડીપો. (રીફંડેબલ એક વખત) | ૨૦૦ | — | — | — |
| ૧૩ | કૉલેજ ડીપો. (રીફંડેબલ એક વખત) | ૧૦૦ | — | — | — |
| ૧૪ | યુનિ. કેમ્પસ ડેવલપમેન્ટ ફી | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ |
| ૧૫ | યુનિ. સ્પોર્ટ્સ અને કલ્ચરલ એકટીવીટીઝ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૬ | યુનિ. પરીક્ષા ફી (બંને સત્રની) | ૬૬૦ | ૬૦૦ | ૬૦૦ | ૮૦૦ |
| ૧૭ | યુનિ. પરીક્ષા ફોર્મ ફી (બંને સત્રની) | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ |
| ૧૮ | યુનિ. સ્પોટ્ર્સ અને કલ્ચરલ એકટી. | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૯ | **ભાઈઓની કુલ ફી** | ૨૨૫૫ | ૨૬૨૫ | ૨૬૮૫ | ૩૬૨૫ |
| ૨૦ | **બહેનોની કુલ ફી** | ૨૨૫૫ | ૨૦૨૫ | ૨૦૮૫ | ૨૨૨૫ |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | હોમ સાયન્સ લેબ અને બ્રેકેજ ફી | ૨૭૦ | ૨૭૦ | ૨૭૦ | ૫૨૦ |
| | લેબ ડીપો. (રીફંડેબલ એક ટાઈમ) | ૫૦ | — | ૫૦ | — |
| | મનોવિજ્ઞાન લેબ અને બ્રેકેજ ફી | — | — | ૧૦૨૦ | — |

| | | |
|---|---|---|
| નોંધ : બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે. | હોસ્ટેલ ફી | રૂા. ૨,૪૦૦/- |
| | લાઈટ વપરાશ ફી | રૂા. ૨,૩૦૦/- |
| | ડીપોઝીટ | રૂા. ૫૦૦/- |

**ખાસ નોંધ :**

૧. કૉલેજ છોડયા બાદ છ માસની મુદતમાં ડિપોઝીટ પરત લેવા રસીદ રજૂ કરવી. છ માસ બાદ ડિપોઝીટ પરત મળશે નહીં.

૨. તમામ પ્રકારનું ફીનું માળખુ વખતો વખત યુનિ. નિયમોનુસાર ફેરફારને આધિન રહેશે.

# પ્રવૃત્તિઓ




'તાલ'




Smt. J.P. Shroff Arts College
ECO CLUB


Smt. J.P. Shroff Arts College, Valsad
Internal Quality Assurance Cell
Department of Economics




Smt. J.P. Shroff Arts College, Valsad
Department of Psychology


Smt. J.P. Shroff Arts College
Valsad
ALUMNI

# પ્રવૃત્તિઓ



































॥ तेजस्विनावधीतमस्तु ॥

## શ્રી નૂતન કેળવણી મંડળના આદ્ય પ્રમુખશ્રી

# ભારતરત્ન અને નિશાને પાકિસ્તાન

## નવાજિત વલસાડના સપૂત



## આદરણીયશ્રી મોરારજી રણછોડજી દેસાઈ

આપણું સૌભાગ્ય છે કે આદરણીયશ્રી મોરારજી દેસાઈની રાહબરી હેઠળ આપણા કેળવણી સંકુલનો વિકાસ થયો. ઈ. સ. ૧૮૯૬ માં વલસાડના ભદેલી ગામમાં જન્મેલા મોરારજી તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા હતા. વિદ્યાભ્યાસ પછી ડેપ્યુટી કલેકટરની નોકરીથી શરૂઆત કરી. ઈ.સ. ૧૯૩૦ માં સરકારી નોકરી છોડી ગાંધીજીના અનુયાયી થયા. હિંદી રાષ્ટ્રીય મહાસભાના સભ્યપદથી આગેકૂચ કરતા રહી વિવિધ હોદ્દા પર ફરજ બજાવતા રહી છેવટે ભારતના વડાપ્રધાન બન્યા. ભારત સરકારના નાણામંત્રી તરીકે એમની વિચક્ષણ પ્રતિભા માટે એમને યાદ કરવામાં આવે છે. તેઓ સિધ્ધાંતવાદી, મૂલ્યનિષ્ઠ, અનુશાસન પ્રિય, નીડર, સ્પષ્ટવક્તા અને કડક શાસક હતા. ગણોતધારો, સુવર્ણધારો, દ્વિપત્ની પ્રતિબંધ ધારો, એસ.ટી. બસના વાહન વ્યવહાર, રાષ્ટ્રીય કરણ તથા સહકારી મંડળીઓ માટે એમની ભૂમિકા અને નિસબત માટે તેઓ અવિસ્મરણીય રહેશે. સામાજિક સુધારાના તેઓ આગ્રહી હતા.

**ભારતરત્ન** અને **નિશાને પાકિસ્તાન** જેવા બે સર્વોચ્ચ સન્માન મેળવનાર તેઓ એકમાત્ર ભારતીય છે. તેઓ આપણું ગૌરવ છે. આવા મહાનુભાવની નિશ્રામાં પાંગરેલી આપણી શૈક્ષણિક વારસાઈનું જતન કરવું એ જ આપણું ધ્યેય રહો.

SHAH PRINTS M. : 9375838155